RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 54 Date: 15.12.2023 Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# સંસદમાં ભારે હોબાળા વચ્ચે ૧૫ સાંસદો પૂરા સત્ર માટે સસ્પેન્ડ



નવીદિલ્હી,તા.૧૪

સંસદની સુરક્ષામાં ક્ષતિના મુદ્દે ગુરુવારે (૧૪ ડિસેમ્બર) લોકસભા અને રાજ્યસભામાં વિરોધ પક્ષોએ હંગામો કર્યો અને ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદનની માંગ કરી હતી. આ દરમિયાન લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળા વચ્ચે સંસદની કાર્યવાહીમાં અવરોધ મામલે ૧૫ સાંસદોને સમગ્ર સત્રમાંથી સસ્પેન્ડ કરાયા છે. લોકસભા અધ્યક્ષે કોંગ્રેસના સભ્યો ટીએન પ્રથાપન, હિબી એડન, જોતિમણી, રામ્યા હરિદાસ અને ડીન કુરિયાકોસને હંગામો કરવાના આરોપસર શિયાળુ સત્રના બાકીના સમય માટે સસ્પેન્ડ કરી દીધા છે. આ પછી પણ હોબાળો અટક્યો ન હતો અને વધુ ૯ સભ્યોને શિયાળુ સત્રમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમાં બેની બેહનન, મોહમ્મદ જાવેદ, પીઆર નટરાજન, કનિમોઝી, વીકે શ્રીકંદન, કે સુબ્રમણ્યમ, એસઆર પાર્થિબન, એસ વેંકટેશન અને મણિકમ ટાગોરનો સમાવેશ થાય છે.

સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ લોકસભામાં કહ્યું કે અમે બધા સહમત છીએ કે ગઈકાલની દુર્ભાગ્યપૂર્ણ ઘટના લોકસભાના સભ્યોની સુરક્ષામાં ગંભીર ખામી હતી. અને લોકસભા અધ્યક્ષની સૂચનાથી આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું, આ મુદ્દે કોઈ સભ્ય પાસેથી રાજનીતિની અપેક્ષા નથી, અમારે પક્ષના રાજકારણથી ઉપર ઉઠીને કામ કરવું પડશે. ભૂતકાળમાં પણ સંસદમાં સુરક્ષામાં ખામીની આવી ઘટનાઓ બનતી રહી છે અને તત્કાલિન લોકસભા સ્પીકરની સૂચના મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આ પહેલા તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ બ્રાયનને રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમના સસ્પેન્શનને લઈને વિપક્ષી પાર્ટીઓના સાંસદોએ રાજ્યસભામાં હોબાળો મચાવ્યો હતો. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ગઈકાલે સંસદ ભવનમાં થયેલા સુરક્ષા ભંગ અંગે રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરને પત્ર લખ્યો હતો. પત્રમાં તેમણે લખ્યું છે કે સંસદની સુરક્ષાનું ઉલ્લંઘન ખૂબ જ ગંભીર બાબત છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, હું સંસદમાં ભારતીય પક્ષોના નેતાઓ સાથે પરામર્શ કરીને વિચાર આવ્યો છું કે તેને રાજ્યસભા (રાજ્યસભા)ના નિયમો અને પ્રક્રિયાના નિયમ ૨૬૭ હેઠળ ઉઠાવવામાં આવે. આ સિવાય જ્યાં સુધી ગૃહમંત્રી આ મુદ્દે નિવેદન નહીં આપે અને ત્યાર બાદ નિયમ ૨૬૭ હેઠળ ચર્ચા થાય ત્યાં સુધી અન્ય કોઈ ચર્ચા કરવામાં આવશે નહીં.

કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું કે, 'આના માટે સરકાર સંપૂર્ણપણે જવાબદાર છે. ગત વખતે જ્યારે હુમલો થયો ત્યારે આતંકવાદીઓ સંસદની અંદર પહોંચી શક્યા ન હતા પરંતુ આ વખતે તેઓ લોકસભામાં પહોંચી ગયા હતા. તેમણે કહ્યું, 'જો આપણે મૌન રહીએ તો તેનો અર્થ એ છે કે અમે અમારી જવાબદારીઓ યોગ્ય રીતે નિભાવી રહ્યાં નથી.'કોંગ્રેસના સાંસદ અધીર રંજન ચૌધરીએ ૧૩ ડિસેમ્બરે સંસદની સુરક્ષામાં ક્ષતિઓ પર કહ્યું, ગઈકાલની ઘટના સમગ્ર દેશે જોઈ. દરરોજ સુરક્ષા, સત્તા અને વિકાસની વાતો થાય છે પરંતુ દેશની અંદરની સુરક્ષા પોકળ છે. શું તેનાથી પીએમ મોદીને કોઈ ફરક પડે છે? લોકો કહેશે કે 'મોદી એટલે મુશ્કેલ'લોકસભા સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષના સાંસદોને હોબાળો ન કરવા જણાવ્યું હતુ. રક્ષામંત્રીએ કહ્યું, લોકોને સંસદમાં પ્રવેશવા માટેના પાસ આપતી વખતે આપણે સતર્ક રહેવું પડશે આજે સવારે સંસદના શિયાળુ સત્રની શરૂઆત પહેલા ભાવિ રણનીતિ અંગે ચર્ચા કરવા વિપક્ષી દળોની બેઠક યોજાઈ હતી. આ બેઠક પછી કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ટ્વિટર પર લખ્યું, ભારતીય પક્ષો માંગ કરી રહ્યા છે: ગૃહ પ્રધાને ગઈકાલે સંસદમાં થયેલી અત્યંત ગંભીર અને ખતરનાક સુરક્ષા ક્ષતિ અંગે બંને ગૃહોમાં વિગતવાર નિવેદન આપવું જોઈએ અને પછી તેના પર ચર્ચા થવી જોઈએ.

આ સાથે તેમણે વધુમાં કહ્યું કે, ભાજપના સાંસદ પ્રતાપ સિમ્હા સામે કડક કાર્યવાહી થવી જોઈએ, જેમણે ઘૂસણખોરોને વિઝિટર પાસ આપ્યા હતા. મોદી સરકાર દ્વારા આ સંપૂર્ણ કાયદેસર અને વ્યાજબી માંગણીઓ સ્વીકારવાનો ઈનકાર કરવાને કારણે આજે સવારે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી

## પન્નુએ સંસદમાં ઘૂસણખોરીના કેસમાં ધરપકડ કરાયેલ મહિલા સહિત ચાર આરોપીઓને કાયદાકીય સહાયની ઓફર

નવીદિલ્હી,તા.૧૪

સંસદ પર આતંકવાદી હુમલાના ૨૨ વર્ષ બાદ ખાલિસ્તાની આતંકવાદી જૂથ શીખ ફોર જસ્ટિસના ગુરપતવંત સિંહ પન્નુ ફરી એકવાર સુરક્ષા ચૂકના કેસમાં એન્ટ્રી થઈ છે. આતંકવાદી પન્નુએ સંસદમાં ઘૂસણખોરીના કેસમાં ધરપકડ કરાયેલ મહિલા સહિત ચાર આરોપીઓને કાયદાકીય સહાયની ઓફર કરી છે. તેણે આ મામલે એક સંદેશ જાહેર કર્યો છે. પરંતુ પન્નુએ સમગ્ર મામલામાં તેની સંડોવણી અંગે કોઈ ટિપ્પણી કરી નથી.

આતંકવાદી પન્નુએ સંદેશમાં કહ્યું છે કે સંસદ હુમલાની વર્ષગાંઠ પર તે સંસદની સુરક્ષાનું ઉલ્લંઘન કરનારા ચારેય પુરૂષ- મહિલાને ૧૦ લાખ રૂપિયાની કાનૂની સહાય આપશે. પરંતુ આ દરમિયાન ૫ ડિસેમ્બરે જાહેર કરેલા તેના નિવેદન અને બુધવારે સંસદ સુરક્ષામાં ચૂક મામલે તેમની સંડોવણી વિશે કંઈ કહેવામાં આવ્યું નથી. પરંતુ સંદેશમાં તેણે લખ્યું છે- તો ખરેખરમાં ભારતીય સંસદના પાયાને હચમચાવી દીધો છે. સેલ્ફ ડિફેન્સ માટે શસ્ત્રોથી સજ્જ હોવું જરૂરી છે. તેણે કેનેડા અને અમેરિકામાં શરૂ કરાયેલ જનમત અભિયાનને ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪થી ભારતમાં પણ શરૂ કરવાની બીજી ધમકી આપી છે.

## BSP નેતા અફઝલ અંસારીનું લોકસભા સભ્યપદ પુનઃસ્થાપિત થશે, સુપ્રીમ કોર્ટમાંથી મળી મોટી રાહત



નવી દિલ્હી, તા. ૧૪

અફઝલ અંસારીને ૨૯ એપ્રિલે દોષી ઠેરવ્યા બાદ સભ્યપદમાંથી અયોગ્ય ઠેરવવામાં આવ્યા હતા અને ૧ મેના રોજ તેણે પોતાનું સભ્યપદ ગુમાવી હતું. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટને અફઝલ અંસારીની અપીલનો ૩૦ જૂન ૨૦૨૪ સુધીમાં નિકાલ કરવા જણાવ્યું હતું. સભ્યપદ પુનઃસ્થાપિત કર્યા બાદ અફઝલ અંસારી માટે આગામી વર્ષે ૨૦૨૪ માં યોજાનારી લોકસભાની ચૂંટણી લડવાનો માર્ગ ખુલ્લો થઈ ગયો છે. તેઓ ૫ વખત ધારાસભ્ય અને ૨ વખત સાંસદ રહી ચૂક્યા છે.આ મામલે જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈઆએ અફઝલ અંસારીની સજા પર રોક લગાવવાનો નિર્ણય કર્યો હતો જ્યારે જસ્ટિસ દીપાંકર દત્તા તેમના પક્ષમાં નહોતા. આમ જજોની ૨-૧ બહુમતીથી અફઝલ અંસારીને રાહત મળી છે. જો કે કોર્ટે તેમની સમક્ષ કેટલીક શરતો પણ મૂકી છે અને તેઓ લોકસભામાં મતદાન કરી નહીં શકશે પરંતુ તેઓ ગૃહની કાર્યવાહીમાંચોક્કસ ભાગ લઈ શકશે.

## જ્ઞાનવાપીની જેમ મથુરાની શાહી ઈદગાહ મસ્જિદનો થશે ASI સર્વે, હાઈકોર્ટે હિન્દુ પક્ષની સ્વીકારી અરજી

મથુરાની શાહી ઈદગાહ મસ્જિદના મુદ્દે અલ્હાબાદ હાઈકોર્ટનો મોટો નિર્ણય આવ્યો છે જેમાં મથુરાની શાહી ઈદગાહ મસ્જિદ પર છજ્જૈં સર્વેને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત હાઈકોર્ટે સર્વેની મંજુરી સાથે ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરવા પણ જણાવ્યું છે. મથુરામાં શ્રી કૃષ્ણના જન્મસ્થળને અડીને આવેલી મસ્જિદમાં એડવોકેટ પાસેથી સર્વે કરાવવાની માંગણી કરવા માટે ૧૮ અલગ-અલગ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. અલાહાબાદ હાઈકોર્ટે એક સાથે સુનાવણી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે અલ્હાબાદ હાઈકોર્ટમાં છજ્જૈં સર્વેની માંગણી કરતી અરજી કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે મસ્જિદના સ્તંભના પાયામાં હિન્દુ ધર્મનું પ્રતીક છે જે મંદિરની કોતરણીમાં સ્પષ્ટ દેખાય છે. હિન્દુ પક્ષના વકીલ વિષ્ણુ જૈને કહ્યું કે અમે એડવોકેટ કમિશનરની નિમણૂક જારી કરી રહ્યા છીએ. કોર્ટે શાહી ઈદગાહ સંકુલના છજ્જૈં સર્વેને મંજૂરી આપી છે. જોકે છજ્જૈં સર્વે ક્યારે થશે અને તેમાં કેટલા લોકો




ભાગ લેશે તે બધું ૧૮મી ડિસેમ્બરના રોજ નક્કી થશે.શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું છે. ટ્રસ્ટના મુખ્ય પક્ષકાર ભૃગુવંશી આશુતોષ પાંડેએ કહ્યું કે આ કરોડો હિન્દુઓની આસ્થાનો મામલો છે. ભગવાન ફક્ત આપણા છે. અયોધ્યા અમારી બની ગઈ છે અને હવે મથુરાનો વારો છે. આ મામલે શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટે કહ્યું કે તે અગાઉ સુપ્રીમ કોર્ટમાં ગયા હતા. સુપ્રીમ કોર્ટે ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ કહ્યું હતું કે તમારે હાઈકોર્ટમાં જવું જોઈએ ત્યા તમારી સુનાવણી થશે. મથુરાની કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ મસ્જિદ વિવાદને લઈને હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ મયંક કુમાર જૈને ૧૬ નવેમ્બરે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

## લોકસભા અધ્યક્ષની મોટી કાર્યવાહી, કોંગ્રેસના ૫ સાંસદ સસ્પેન્ડ, શિયાળું સત્રમાં હાજર નહીં રહી શકે

લોકસભામાંથી કોંગ્રેસ માટે પણ આંચકાજનક સમાચાર આવ્યા છે. કોંગ્રેસના સાંસદ ટી.એન.પ્રતાપન, હિબી ઈડેન, જોતિમણિ, રમ્યા હરિદાસ અને ડીન કુરિયાકોસને અધ્યક્ષના અનાદર મામલે શિયાળુ સત્રના બાકી સમયગાળા માટે ગૃહથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સંસદમાં સુરક્ષા ચૂક મામલે વિપક્ષી દળોએ લોકસભા અને રાજ્યસભા બંનેમાં ભારે હોબાળો મચાવ્યો હતો અને ગૃહ મંત્રી શાહના નિવેદનની માગ કરી હતી. આ દરમિયાન લોકસભા સ્પીકરે હોબાળો કરવાના આરોપમાં કોંગ્રેસના સાંસદો સામે આ કાર્યવાહી કરી હતી. સંસદીય કાર્યમંત્રી પ્રહ્લાદ જોશીએ લોકસભામાં કહ્યું કે અમે બધા સહમત છીએ કે ગઈકાલે બનેલી ઘટના લોકસભાના સભ્યોની સુરક્ષામાં ગંભીર ચૂક હતી અને આ મામલે લોકસભા અધ્યક્ષના નિર્દેશ પર અમે ઉચ્ચતરીય તપાસ શરૂ કરાવી દીધી છે. તેમણે કહ્યું કે આ મુદ્દે કોઈપણ સભ્યથી રાજનીતિની અપેક્ષા નથી રખાતી. આપણે હવે પક્ષોની રાજનીતિથી ઉપર ઊઠીને કામ કરવું પડશે. સંસદમાં સુરક્ષા ચૂકની ઘટનાઓ પહેલા પણ બની હતી અને તે સમયે લોકસભાના અધ્યક્ષોના દિશાનિર્દેશો અનુસાર કાર્યવાહી ચાલતી જ રહી છે.

## દહેગામની અહમદપુર પ્રા. શાળાનો અનોખો પ્રયોગ, દસ દિવસ બેગ વિના વિદ્યાર્થીઓ સ્કૂલે આવ્યા

દહેગામની અહમદપુર પ્રાથમિક શાળા ખાતે ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં પ્રિ વોકેશનલ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કૌશલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરાયું હતું. જે અંતર્ગત સરકારની ગાઈડલાઈન મુજબ પ્રથમ સત્ર પરીક્ષા બાદ અને વેકેશન પહેલા ૩ દિવસ અને દિવાળી વેકેશન પૂર્ણ થતા પ્રથમ દિવસથી ૭ દિવસ સુધી એમ કુલ દસ દિવસના બેગલેશ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં કૌશલ્ય નિર્માણ, શ્રમનું ગૌરવ અને ભારતીય કળા અને કારીગીરી સાથે સંકળાયેલા વિવિધ વ્યવસાયોને જાણે તે માટે ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે દશ દિવસના કાર્યક્રમનું આયોજન કરાતા દિવાળી વેકેશન પહેલા વિદ્યાર્થીઓ છેલ્લા દિવસ સુધી



શાળાએ આવે અને કંઈક નવું શીખવા પ્રેરાય તે માટેના ત્રણ દિવસના કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને હેર સ્ટાઈલ, મહેંદી સ્પર્ધા અને મેક અપ કરતા શીખવવામાં આવ્યું. ત્યારબાદ બીજા દિવસે કાગળકામ, માટીકામ,ચિટક કામ, દિવાળીના તહેવારને અનુલક્ષીને રંગોળી સ્પર્ધા યોજવામાં આવી.

ત્રીજા દિવસની પ્રવૃત્તિમાં સુલેખન, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, કાવ્ય સર્જન, કાવ્ય ગાન, ઉખાણા જેવા કાર્યક્રમ યોજવામાં આવ્યા. દિવાળી વેકેશન પૂર્ણ થતા પ્રથમ દિવસથી જ વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ આવે અને વિવિધ કૌશલ્યલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાઈ વ્યવસાયલક્ષી કૌશલ્યો હસ્તગત કરે તે માટે યોગ, ધ્યાન, આસન, સૂર્ય નમસ્કાર અને આયુર્વેદની માહિતીથી પ્રથમ દિવસની શરૂઆત કરવામાં આવી.

## ઓસ્ટ્રેલિયામાં મંદિરો પરના હુમલાને અમે બહુ ગંભીરતાથી લઈ રહ્યા છે: ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર

નવી દિલ્હી, તા. ૧૪

ઓસ્ટ્રેલિયામાં હિન્દુ મંદિરોને છાશવારે ટાર્ગેટ બનાવવાની ઘટનાઓને લઈને ભારત સ્થિત ઓસ્ટ્રેલિયાના હાઈ કમિશનર ફિલિપ ગ્રીને કહ્યુ છે કે, ઓસ્ટ્રેલિયાની સરકાર હિન્દુ મંદિરો પરના હુમલાને ગંભીરતાથી લઈ રહી છે અને આ પ્રકારની ઘટનાઓ સાથે કામ પાર પાડવાનો અમારી પોલીસને બહોળો અનુભવ છે. અલગ અલગ એજન્સીઓ મંદિરો પરના હુમલા પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે.ફિલિપ ગ્રીને કહ્યુ હતુ કે, ઓસ્ટ્રેલિયામાં મંદિરો પરના હુમલા બાદ કોઈ ગંભીર સ્થિતિ સર્જાઈ નથી. કારણકે અમે આ પ્રકારના હુમલા બાદ ગંભીરતાથી કાર્યવાહી કરતા



હોઈએ છે.

નવી દિલ્હીના એક કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચેલા હાઈ કમિશનર ફિલિપ ગ્રીને કહ્યુ હતુ કે, ઓસ્ટ્રેલિયામાં ખાલિસ્તાનના વધતા જતા પ્રભાવને ખાળવા માટે અમે ભારતની સાથે છે. અમે ભારતનુ સન્માન કરીએ છે. ભારત સાથે અમારા સબંધો બહુ મજબૂત છે અને ઓસ્ટ્રેલિયાની સરકાર પણ તેના માટે ચિંતિત છે.

## તંત્રી લેખ......

# થાપણ કરતા ધિરાણ વૃદ્ધિ ઊંચી રહેતા બેન્કોના ઈન્ટરેસ્ટ માર્જિન પર દબાણ

ધિરાણ વૃદ્ધિની સરખામણીએ ભારતની બેન્કોમાં થાપણ વૃદ્ધિ મંદ રહેતા બેન્કોમાં ધિરાણ-થાપણ પ્રમાણ દબાણ હેઠળ આવી શકે છે. થાપણમાં મંદ વૃદ્ધિ ઉપરાંત ફન્ડસ મેળવવા માટે સ્પર્ધા બેન્કોનું નેટ ઈન્ટરેસ્ટ માર્જિન જે નાણાં વર્ષ ૨૦૨૪માં ૩ ટકા રહ્યું છે તે નાણાં વર્ષ ૨૦૨૫માં ઘટી ૨.૯૦ ટકા પર આવી શકે છે.દેશના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટસ (જીડીપી)માં વધારા સાથે આગામી થોડાક વર્ષો સુધી ધિરાણમાં પણ વધારો જોવા મળતો રહેશે અને કોર્પોરેટ લોન કરતા રિટેલ લોનનો આંક આગળ નીકળી જશે એમ એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સના એક રિપોર્ટમાં જણાવાયું હતું.થાપણ મેળવવામાં આ ગતિ જાળવવાનું પડકારરૂપ રહી શકે છે માટે ધિરાણ-થાપણ પ્રમાણ કથળી શકે છે. જો કે મજબૂત ડીપોઝિટ ફ્રેન્ચાઈસને જોતા બેન્કોની ફન્ડિંગ પ્રોફાઈલ મજબૂત જોવા મળી શકે છે. ૧૫ નવેમ્બર ૨૦૨૩સુધી દેશમાં થાપણમાં વાર્ષિક ધોરણે ૧૩.૬૦ ટકા વૃદ્ધિ રહી છે જ્યારે ધિરાણમાં ૨૦.૬૦ ટકા વધારો થયો છે. આમ થાપણની સરખામણીએ ધિરાણમાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. થાપણથી ધિરાણનું પ્રમાણ જે ૧૭ નવેમ્બર ૨૦૨૨ના ૭૪.૭૦ ટકા હતું તે વર્તમાન વર્ષના આ ગાળામાં વધી ૭૭.૦૩ રહ્યું છે. થાપણ દર વધારવામાં ઢીલ, થાપણ મેળવવા માટે બેન્કોમાં આપસી સ્પર્ધા તથા નીચી ઉપજ સાથેના કરન્ટ એકાઉન્ટ સેવિંગ એકાઉન્ટ (કાસા)માંથી ઊંચી ઉપજ સાથેની થાપણ તરફ નાણાંના પ્રવાહ બેન્કોના નેટ ઈન્ટરેસ્ટ માર્જિન પર દબાણ લાવશે. વર્તમાન નાણાં વર્ષમાં માર્જિન ઘટીને ૩ ટકા જ્યારે નાણાં વર્ષ ૨૦૨૫માં ૨.૯૦ ટકા રહેશે.

# શિક્ષક ગેંગ ???

આજે રાજુ રદીનો પુણ્ય પ્રકોપ સાતમા આસમાને હતો. તે ગુસ્સામાં હાથ તલવારની જેમ વીંઝતો હતો. બળદની જેમ તેના નાકના ફોયણા ફૂલી ગયા હતા. ગાય જેમ પગની ખરીથી જમીન પર પ્રહાર કરે તેમ રાજુ પગ પછાડતો હતો. તેની આંખમાં ગુસ્સાનો જનાળામુખી ભભૂકતો હતો.

મેં તેને ફ્રિઝના ઠંડા પાણીનો બાટલો આપ્યો.તેણે પાણી પીધું.

"રાજુ. આજે કેમ રાઉજ થયો છે? "

"ગિરધરભાઈ . ખાસ કંઈ નહીં . સમાજનો એક વર્ગ શિક્ષક વિરોધી થઈ ગયો છે. આજનું છાપું જોયું?" રાજુએ મને પૂછયું.

" કેમ? શું થયું જો બાઈડન અને કમલા હેરિસ પતિ-પત્નીની જેમ બાઝી પડયા?"મેં પૂછયું

"એવી વાત નથી" રાજુનો જવાબ.

"ટીટીપી સાથે ઈમરાન સરકારે સંધિ ટીટીપીએ તોડી નાંખી" મેં પાછું પૂછયું.

"ના ભાઈ ના" રાજુ ગુસ્સે થઈ ગયો.

"એમએસપીનો કાયદો સંસદમાં પસાર થઈ ગયો" મેં સવાલ દોહરાવ્યો.

" શહનાઝ સંધું મિસ યુનિવર્સ થઈ" મેં આખરી ગોળો પણ ફોડી નાંખ્યો

"ના, રે ના!!" રાજુએ નકારથી કામ ચલાવ્યું " તારે જે કંઈ કહેવાનું હોય તે કહી નાંખ!" મેં રાજુને વૉર્નિંગ આપી.

" ગિરધરભાઈ. આજના પેપરમાં જે સમાચાર આવ્યા છે તે કુઠુરાઘાત આપે તેવા છે. દેશના ભવિષ્યને વર્ગખંડમાં આકાર આપવાની ભગીરથ કામગીરી કરનાર ઋષિતુલ્ય શિક્ષકદેવ ભવોનો શતમુખ વિનિપાત. અબ્રમણ્યમ. કાનનો દોષ છે. સરકારી શાળાનો શિક્ષક પરમ સન્માનીય દાઈદભાઈ ઈબ્રાહીમની ડી ગેંગની જેમ શિક્ષક ગેંગ ચલાવે . કેટલું શરમજનક!!" રાજુએ શરમથી માથું ઝુકાવ્યું.

" રાજુ ગુરૂં દ્રોણાચાર્ય બાયજુ કે કોઈ ટયુશન કલાસમાં દ્રોણાચાર્ય સર બનીને વધારાની આવક મેળવતા ન હોય, સ્કૂલની ખરીદીમાં ટકાવારી મેળવતા ન હોય કે મધ્યાહ્ન ભોજન સંચાલક પાસેથી ગોટાળા રકમ મેળવતા ન હોય તેમના પુત્ર માટે દૂધ જેવા દૂધની વ્યવસ્થા કરી શકતાન હોય પાણીમાં લોટ નાંખી દૂધાભાસ કરાવતા હતા. ગુરૂઓ આવા પુણ્યશ્લોક અને પ્રાત:સ્મરણીય ગણાય. જે ભગવાન કરતાં પણ અધિક આદરના અધિકારી રહે છે" મેં રાજુને શિક્ષકનું માહાત્મ્ય સમજાવ્યું.

ગિરધરભાઈ. શિક્ષક ગામમાં ન રહે તે ચાલે, ભણાવે નહીં તે ચાલે,જીન્સ ટીશર્ટ પહેરે તે ચાલે, ફ્રેન્ચ લીવ-ગાપચી મારે તે ચાલે, શિક્ષિકા કે વિધાર્થીની પટાવે તે ચાલે, તમાકુ-મસાલા-બીડી સિગારેટનું સેવન કરે તે ચાલે, વ્યાજ વટાવ કરે તે ચાલે, ટયુશન કરે તે ચાલે , શિક્ષણસંઘમાં નેતાગીરી કરે તે ચાલે, પંચાયતથી લઈને સંસદની ચૂંટણી લડે તે ચાલે,કાલાકપાસનો ધંધો કરે તે ચાલે, છોકરાને ભણાવવાના બદલે ગ્લોસી કાગળો પર વિગતો ઉભી કરી શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવે તે ચાલે, ખેતીની બિનખેતીની મંજૂરીના કઠલા કરે તો ચાલે, લેન્ડ ગ્રેબિંગ કરે તે ચાલે, પણ અસંગઠિત ગુનાખોરી માટે ગેંગ ચલાવે તે કેમ ચાલે??રાજુએ સવાલો મારો ચલાવ્યો .

"રાજુ. ઉજાલા સર્કલ પર શિક્ષક સંજય ભરવાડની ગેંગ જતાં-આવતા વાહનો પાસેથી ટુ વ્હીલર/ ફોર વ્હીલરના પંકતિભેદ સિવાય સમાનતાના ધોરણે સો રૂપિયા ઉઘરાવી ખાતા હતા. એક દિવસનો નકરો વકરો લાખ રૂપિયા હતો. વરસના ત્રણસો પાંસઠ લાખ ઉઘરાવતા હતા. કોઈ પણ પ્રકારના મૂડીરોકાણ વિના વકરો એટલો નફો.તેના પર આવકવેરો, મિલકતવેરો,કોર્પોરેટવેરો, કેપિટલગેઈન ટેકસ,જીએસટી, ગટરવેરો , પાણીવેરો ભરવાનો નહીં.આટલી અધધધ આવક તો ચેતન બેટરી ગેંગ કે ફેકચર ગેંગની નહીં હોય. દાઉદની ડી ગેંગ,બેટરી ગેંગ કે ફેકચર ગેંગને જોખમ કેટલું? આમને કાણી પાઈનું જોખમ નહીં!! કોઈ પાસેથી પરવાનો કે મંજૂરી લેવાની નહીં. પોલીસની ટ્રાફિક બ્રાંચનું ભારણ ઘટ્યું. અલબત, થોડા ઉઘરાણાના રૂપિયા ઘટ્યા.માયામાંથી છૂટ્યા! ત્યાગીને ભોગવવાનો મોકો મળ્યો!!" મેં વિસ્તારથી ખંડણી યોજના પર હેલોજન દેખાડી!!

" ગિરધરભાઈ. હાસ્ય કાર વિઝનરી વ્યકિત વિશેષ હોય છે તે પુરવાર થયું."રાજુએ કહ્યું. "કેવી કેવી રીતે રાજુ?" મેં અધીરાઈથી પૂછયું. " જાણીતા હાસ્ય કલાકાર અને પદ્મશ્રી શાહબુદીનભાઈ રાઠોડ સાહેબે હળવી શૈલીમાં શિક્ષકોના બહારવટિયાની વ્યંગકથાથી આપણને ખડખડાટ હસાવ્યા છે. તેમની કલ્પના આટલા વરસે મૂર્તિમંત થઈ છે!! " રાજુએ હરખ વ્યક્ત કર્યો! " હમમમ" મેં પ્રતિભાવ આપ્યો.

" ગિરધરભાઈ. આવું સરસ કામ કરનારને બિરદાવવાના બદલે માસ્તર તેમ જ સાથીદારોને પોલીસ પકડી ગઈ.કૃતજ્ઞતાનો બદલો કૃતઘ્નતાથી ચુકવાયો. કીડીને કોશનો ડામ આને જ કહેવાય, બોસસ!!સરકાર ટેકસ વધારે તો ખંડણી વધારી ન કહેવાય? ટોલ રોડ પર ઉઘરાવવામાં આવતો ટોલટેકસ અને દર વરસે કરાતો વધારો ખંડણી નથી તો શું છે? ગોરધન પાસેથી દર મહિને પગારની પૂરી રકમ પત્ની પઠાણીઢબે છીનવી લે તે શું છે? યસ, માય ડિયર વાંચક તે નિશ્ચિંતપણે શતપ્રતિશત ખંડણી છે" રાજુએ ખંડણીને ખાંડણીમાં ખાંડી !!!! " રાજુ ગોકુળમાં કાનજી માખણ ઉઘરાવતા એને ઈન્ડિયન પિનલ કોડ કે ક્રિમિનલ પ્રોસિજર કોડ મુજબ ખંડણી કહેવાય કે નહીં???" "એ તો કંસરાજા જાણે!!!" એમ સ્વગત કહી રાજુ રદી મુઠીઓ વાળીને તેના ઘર તરફ ભાગ્યો!!

ભરત વૈષ્ણવ

# આજ ફરી એક વખત રસમય અને રોમાંચિત જીવનની વાત !

કેલીફોર્નિયા યુનિવર્સીટીના સાઈકોલોજી વિભાગના પ્રોફેસર ડો. રચેલ વોએ એક અભ્યાસમાં કહ્યું છે કે-

★"મોટી ઉંમરમાં નવો હુન્નર શીખવાથી, છ જ સપ્તાહમાં તમારું મગજ ત્રણ દાયકા જેટલું યુવાન થઈ જાય છે."★

વૈજ્ઞાનિકો કહે છે કે-

★"યાદદાસ્ત ઓછી થવી, નિર્ણયશક્તિ ધીમી થઈ જવી અને બોલવામાં મુશ્કેલી આવવી તેવી મોટી ઉંમરની અલ્ઝેઈમરની બીમારીમાં ફોટોગ્રાફી, સંગીત, પેઈન્ટિંગ કે લખવા જેવા શોખ મગજના પાવરને મજબુત બનાવે છે!★

★જીવંત રહેવા માટે જીવવું જરુરી છે.....★

★ઉમંગ સાથે,★

★ઉત્સાહ સાથે,★

★સ્વિકાર સાથે,★

અને

★ગમતીલી પ્રવૃતિઓ સાથે★

તથા

★ગમતીલા વ્યક્તિ સાથે.★

★આ જ મંગળ જીવન!★

★ઉંમર અને શોખને કે ઉંમર અને ગમતી પ્રવૃતિને કોઈ બંધન હોતુ નથી.★

★તમારુ જીવન; તમારા શોખ!★

આપણા દેશમાં, સમાજમાં લોકોને ઉંમરને લઈને બહુ વાંધા હોય છે.

" ★આ ઉંમરે તેણે આવું બધું કરવાની શું જરૂર છે?★" ★

★એવું લોકો પૂછ-પૂછ કરે★.

આ માનસિકતા બદલવાની જરૂર છે. તમારામાં થનગનાટ હોય, અને મન ખુલ્લું હોય, તો તમે જે ચાહો તે શીખી શકો છો.

★શોખને ઉંમરનુ કોઈ બંધન નહિ હોવું જોઈએ.★

ઉલ્ટુ ઉંમર થાય, તેમ શોખનું મહત્વ વધવુ જોઈએ.

શોખ ખર્ચાળ હોય, તેવુ પણ જરૂરી નથી.

★શોખ હોવો જરુરી છે.★

★એક ધ્યેય, મક્સદ, પાગલપન જરૂરી છે.★

★મોટી ઉંમરે કેવી રીતે જીવાય!?★

તે ★વહીદા રહેમાન★ પાસે શીખવા જેવું છે.

'પ્યાસા,' 'કાગજ કે ફૂલ,' 'સાહેબ, બીબી ઔર ગુલામ,' 'ગાઈડ' અને 'નીલ કમલ' જેવી યાદગાર ફિલ્મોની સ્ટારને તેની સમકાલીન એક્ટ્રેસ ★આશા પારેખ★ (૭૪) અને ★હેલન★ (૮૧) સાથે ખાસ બહેનપણાં છે.

ત્રણે અવારનવાર રખડવા ઉપાડી જાય.

સિનેમા જોવા જાય. ખાવા-પીવા માટે ભેગાં થાય.

★એકલા હશો તો તુટી જશો.★

★પેલી લાકડાની ભારી જેવુ.★

★સંયુક્ત હશો તો જલદી નહિ તુટો!★

★નૈ દ્વૈહ્દ્વીદ્વં★ લોકો સાથે જીવવાનો આગ્રહ જરૂરી છે.

પણ મસ્ત જ જીવાય!

★આ મસ્ત જીવન માટે શારીરિક અને આર્થિક તંદુરસ્તી એ પાયાની શર્ત છે.★

★બાકી ઘડપણ એ દયા નથી, વૈભવ છે!★

ઈશ્વરે આપેલી ઉમદા તક છે.

જે તમે તમારા વ્યસ્ત જીવનમા નહિ કરી શક્યા, ★ન પામી શક્યા તે બધુ જ ઘડપણમાં મેળવવાની સુવર્ણ તક છે.!★

★ઢળતી ઉંમરે કેવી રીતે વ્યસ્ત અને સકારાત્મક જીવાય, તેનો મંત્ર છુપાયેલો છે.

★તમે જ તમારા ગુરુ.★

★તમારુ જીવન જ તમારૂ ગુરુર!★

છેલ્લે..

★મારુ જીવન, મારી ઈચ્છપુર્તિ સાથે★

★મસ્ત જાય અને અસ્ત થાય.★

★બસ એજ પ્રાર્થના, આ જ મારો મોક્ષ!!!

# ચશ્મા




ચશ્મા, ચશ્મા, ચશ્મા આ રોજની રામાયણ હતી. ભગવાન સહુથી પહેલાં આંખને કમજોર બનાવી. ૪૨ના થયા નથી ને 'બેતાલાં' આવી ગયા. નજર ભલે કમજોર થતી જાય પણ જો ખૂબ સુંદર સ્ત્રી જતી હોય તો ભલભલા પુરુષ આખી ગરદન ઘુમાવે. ઘરમાં ભલે કાચની પૂતળી જેવી પત્ની હોય કે પછી રણચંડી નજર ત્યાં જાય. ચશ્માની ત્રણથી ચાર જોડી જોઈએ. 'તુ નહી ઔર સહી ઔર નહી ઔર સહી'. એમાં નિવૃત્તિ પછી તો આખું વાતાવરણ ફરી જાય.

રોજ સવારે ગઈ કાલનું આવેલું ચોપાનિયું પસ્તીમાંથી મળે! તે ન દેખાય એટલે ઘરમાં ચંચુપાત ચાલુ થઈ જાય. ચંપક કાકાને ચા, ચોપાનિયું અને ચશ્મા આ ત્રણેનો ત્રિવેણી સંગમ થાય ત્યારે " કૉલ" આવે. ત્યાં સુધી ખુલાસો ન થાય. અંતે દિમાગનો પારો હેઠો ઉતરે. હવે ચશ્મા ક્યાં મુક્યા હોય તો યાદ રાખવાનું કામ ચોખલિયાળી ચમેલી કાકીનું. તેમને બધી વસ્તુ 'ઠેકાણે' જોઈએ ! મજાની વાત તો એ કે, ઠેકાણું યાદ ન રહે. પરિણામે સવારના પહોરમાં થઈ જાય શરૂ. 'ચશ્મા ઢુંઢો' પારાયણ! ચંપક કાકાને છાપું સવારે વાંચવું ગમે.

જ્યારથી નિવૃત્ત થયા અને ઘરમાં ઝાંઝર રણકાવતી બે વહુવારુ આવી ત્યારથી દિનચર્યા એ ગોળ વળાંક લીધો. તેમના બન્ને સુપુત્રો નોકરીએ જાય પછી છાપું વાંચવા મળે. જો એ પહેલાં ભૂલેચૂકે વાંચવા બેસી જાય તો પેલી નાની બરાડા પાડે અને મોટી ધમ ધમ કરતી ઘરમાં ચાલે. બિચારા ચમેલી કાકી એક પણ અક્ષર ન બોલે . નહીં તો સાસુ પુરાણ ચાલુ થઈ જાય. એ તો સારું હતું કે આવડું મોટું ઘર ચંપકકાકા તેમની પ્યારી પત્નીના નામ પર લીધું હતું. બન્ને છોકરા કમાય સારું પણ ઘર લેવાના પૈસા તો એકઠા કરવા ખાવાનો ખેલ ન હતો. ત્યાં સુધીમાં જુવાની હાથતાળી દઈ ને જાય. મુંબઈની મોંઘવારીમાં એ નામ ન લેવાય !

બન્ને નરિમાન પોઈન્ટ ઉપર 'મોતી મહાલ'માં મોટા થયા હતા. પરામાં રહેવા જવાનું પાલવે નહી. નોકરી હતી કોલાબા પર. ગાડી તેને મૂકી આવે પછી આખો દિવસ ડ્રાઈવર ઘરે બધાના કામ કરે. આ ઘર ચંપક કાકાએ પોતાની બાહોશીથી લીધું હતું. હર્ષદ મહેતાના રાજમાં પૈસો કૂદકેને ભૂસકે વધ્યો અને તરત જગ્યામાં રોકવાનું શાણપણ વાપર્યું. દીકરા અને દીકરીનો બહોળો પરિવાર હતો. ચમેલી કાકીએ હીરા, મોતી અને સોનું વસાવ્યું. ઘર ભપકાદાર બનાવી દીધું. હવે વળતા પાણી હતાં, ચશ્મા આવે એ પહેલાં દીકરી પરણાવી હતી. આ ચંચુપાત શરૂ થયો ચશ્માના અને વહુના આગમને આજે સવારથી ચંપક કાકા, ચશ્મા માટે રાડો પાડે. હવે આદત કેળવી હતી, આગલા દિવસનું છાપું સવારના પહોરમાં વાંચે. ચિત્રલેખા ગુરુવારે આવે. તેમણે નક્કી કર્યું શુક્રવારે પસ્તીના ઢગલામાં પડ્યું હોય, એટલે શોધવું ન પડે. કાકા સમજી ગયા હતા, જો ઘરમાં શાંતિ જોઈતી હોય તો જાતે બદલાવવું પડે.

ચા તો ચમેલી કાકીએ જ બનાવવાની. તેમની ચામાં પાણી થોડું અને દુધ ઝાઝુ જોઈએ. હવે દૂધના ભાવ આસમાને પણ કાકી પોતે અડધો કપ લે અને પોતાના પતિદેવને સરસ મજાની રબડી જેવી ચા પીવડાવે. ચા સાથે ગરમ નાસ્તો હવે ન મળતો. કાકાએ સ્વીકાર્યું , પણ ખાખરા સાથે સંભારો ન મળે તો ઉકળી પડે. માણસ કેટલું જતું કરે. આખી જિંદગી મહેનત કરીને કમાયા કોને માટે ? હવે નિવૃત્તિ કાળ દરમિયાન કંઈ બધી આદત છૂટે ? એ તો વળી સારું હતું કે ચમેલી કાકીના સારા સંસ્કાર બંને દીકરીઓ સાસરીમાં સમાણી હતી. એક ડૉક્ટર બની અને બીજી વકીલ. કમાય સારું એટલે ઘરમાં બાઈ તેમજ નોકરની વ્યવસ્થા કરી આપી હતી. ઘરમાં આવે એટલે સહુની આમન્યા જાળવે. ચંપક કાકાનો વટહુકમ હતો, 'જો , ફરિયાદ કરવી હોય તો આ ઘરના બારણા બંધ છે'! કાંઈ પણ જોતું હોય તો મળશે, હસતા રમતા આ ઘરમાં આવજો તમે પોંખાશો'.

પેલી મોટી દીકરી, તો આવતાની સાથે પપ્પાને પહેલા ચશ્મા આપે. વકીલ હતી ને! રસપ્રદ વાંચવાના કાગળ બાપા માટે લાવી હોય. તેણે પપ્પાના એક જોડી ચશ્મા પોતાની બ્રિફ કેસમાં રાખ્યા હતા. ઘરમાં ક્યાં હોય કોને ખબર ? શોધવા માટે સમય ન બગાડવો પડે. શાણા માતા અને પિતાની દીકરી શાણી હોય તેમાં શું નવાઈ.

નાની ડોક્ટર , મમ્મી અને પપ્પાની દવા તેમજ ચશ્મા બંને જાણે તેની જવાબદારી. એના પપ્પા દવામાં શું છે એ વાંચ્યા વગર મ્હોંમાં ન મૂકે. આમ સંયુકત કુટુંબની ભાવના જળવાઈ રહી હતી. ચંપકકાકાના બંને દીકરા ખૂબ ડાહ્યા. માતા અને પિતાની લાગણી ખૂબ હતી. પત્ની સમક્ષ જતાવતા નહી બાકી સમજે બધું. ચમેલી કાકી વિચારે ભલેને વહુઓ આમ કરે સાન આવશે જ્યારે પેટે બાળક આવશે !

ઘણીવાર ચશ્મા માથા પર હોય અને આખું ઘર ગજવે. તેમને ખ્યાલ જ ન હોય કે ક્યાં મૂક્યા છે. ત્યાં ચમેલી કાકીનો ખડખડાટ કરતો અવાજ સંભળાય,'રે, સાંભળો છો.આ તમારા માથા પર છે'! ત્યારે ચંપકકાકા ભોંઠા પડી છાપામાં મ્હોં ઘાલે.

આજે ચશ્મા એ ઘરમાં મહાભારત મચાવ્યું. આ રોજનું હતું એટલે બંને જણા રૂમમાંથી બહાર પણ ન આવી. ચંચુપાતનો અવાજ ઘરની ભીંતોને ભેદી બહાર ગયો. બાજુમાં રહેતા રૂસ્તમજી, થયું આજે કંઈ મોટો બવાલ થવાનો. ચમેલી કાકી મોઢા પર 'ડક્ટેપ' લગાવીને બેઠા હતા. એટલે ચંપકકાકા વધારે ઉકળ્યા.

'કેમ મ્હોંમાં મગ ભર્યા છે"?

ડોકું ધુણાવીને જવાબ આપ્યો ,'ના'.

'મારા ચશ્મા કેમ મળતા નથી '?

'મને શું ખબર કહીને હાથનો લહેકો કર્યો'.

કોને ખબર કેમ આખું ઘર શોધી વળ્યા ચશ્મા ક્યાંય દેખાયા નહી. ચંપકકાકા વિચારે ચડ્યા. જ્યારે ઘરમાં કોઈને ચશ્મા ન મળે ત્યારે પોતાની દિમાગી કસરત કરે. છેલ્લે મેં શું વાંચ્યું હતું ? એ યાદ કરવામાં અડધો કલાક દિમાગ વ્યસ્ત રહે. માંડ માંડ યાદ આવે ત્યારે, કયા રૂમમાં , ગેલેરીમાં, સ્ટડી રૂમમાં કે પોતાના સૂવાના રૂમમાં એ યાદ કરતાં બીજી વીસ મિનિટ થાય. અંતે જ્યારે બધું યાદ આવે ત્યારે , કાકા ચોક્કસ પણે માને કે પ્રિય ચમેલીએ 'ઉંચા' મૂક્યા હશે. હવે એ જગ્યા ન તો કાકાને ખબર હોય કે ન ચમેલી કાકીને યાદ હોય!

ચમેલી કાકી જેમનું નામ ખૂબ હોંશિયાર હતા. જ્યારે કાકાના 'ચશ્મો નો ચંચુપાત' હદથી બહાર જાય ત્યારે ધીમે રહીને બીજી જોડી ચશ્મા કરીને સંતાડ્યા હોય તો લાવીને આપે. કાકા સાવ ભોળા તેમને ખબર ન પડે કે આ ચશ્માની જોડી બદલાઈ ગઈ છે. કાકીને ઘણીવાર થતું આ એમનો 'વર' જુવાનીમાં કમાયો કેવી રીતે હતો ? જો કે આ દરેક ઘરની ખાનગી વાત છે. "કોઈ પણ સ્ત્રી પતિની કિંમત સમજતી હોતી નથી ! પોતાને ખૂબ હોંશિયાર માને તેમાં ભલેને ફદિયું કોઈ દિવસ કમાયા પણ ન હોય!" 'ચશ્મા?ના ચંચુપાત પર તાત્કાલિક કરફ્યુ લાગી ગયો. શાંતિથી ચમેલી કાકીની બનાવેલી ચા પીતા પીતા છાપું વાંચવા લાગ્યા. આજે ગરમ બટાકા પૌંઆ નાસ્તામાં હતા. ચંપક કાકાએ ચશ્મા માંથી ચમેલી કાકી સામે જોયું.

આંખના ઈશારા વાંચવા ટેવાયેલા ચમેલી કાકી બોલ્યા,'લ્યો ચશ્માના ચંચુપાતમાં ભૂલી ગયા આજે આપણા લગનની ૫૦મી વર્ષગાંઠ છે" ! ચંપક કાકાએ નાકની દાંડીથી ચશ્મા ઉંચા કર્યાને ચમેલીકાકીને આંખ મારી. મારવા ગયા ડાબી, મરાઈ ગઈ બંને !!!!!!!!



માગશર સુદ બીજ એટલે મા બહુચરનો પ્રાગટય દિવસ નિમિત્તે શક્તિપીઠ બહુચરાજી ચૂંવાળ માતાજી ને અન્નકૂટ ધરાવવાનું આયોજન કરવામાં આવ્યું નથી. મોટી સંખ્યા માં ભક્તો એ દર્શન કરી ધન્યતા અનુભવી હતી( અહેવાલ-તસવીર; મનહરસિંહ વાઘેલા અને દેવલ મોદી

# તમામ સેક્ટરોમાં પાણી નહીં આવતાં નાગરિકો પરેશાન બન્યા

શહેરમાં પાણી બાબતે છાશવારે સમસ્યાઓ સામે આવી રહી છે. જેના કારણે દર ૨ સપ્તાહમાં પાણી વિતરણ કરતી સરકારી કચેરીઓમાં પાણી મુદ્દે ફરિયાદો મળી રહી છે. પરંતુ પાણી પુરવઠો પૂરો પાડનાડ પાણી પૂરવઠા બોર્ડ સામે કોઈનું કંઈ ઉપજતું જ ના હોય તેમ લાગી રહ્યું છે. પાણી વિતરણ કરતાં પાટનગર યોજના વિભાગ પણ આ મુદ્દે ટકોર કરીને થાક્યું છે. બુધવારના રોજ શહેરના તમામ સેક્ટરોમાં પાણીની ભરશિયાળે બૂમો પડી હતી. વાપરવા લાયક પાણી તો થીક પરંતુ પીવાના પાણી માટે પણ શહેરીજનોને ફાંફા પડી ગયાં હતાં. ત્યારે પાટનગરમાં પાણીની સમસ્યા કાયમી બની હોય તેવું જોવાં મળી રહ્યું છે. જેનું નિરાકરણ લાવવા માટે કોઈ પણ અધિકારીને રસ ના હોય તેમ જણાય છે.ચોમાસાં દરમિયાન પણ ઉપરવાસમાંથી પાણી છોડવાને કારણે પાણીના શુદ્ધિકરણ માટે ૨ સપ્તાહથી પણ વધુ સમય શહેરીજનોને ઓછા દબાણે પાણી મળ્યું હતું, જેથી કરીને શહેર આખાને ટેન્કરના સહારે દિવસો પસાર કરવાના



વારા આવ્યાં હતાં. આ ઉપરાંત પણ ધાણી ફૂટની જેમ જ વર્ષો જૂની પાઈપ લાઈનોમાં લિકેજ જોવાં મળતાં હોય છે. જેના કારણે પણ પાણીની સમસ્યા સર્જાતી રહે છે. મંગળવારે પાણી પૂરવઠા બોર્ડ દ્વારા વોટર સપ્લાયની મશીનરીનું મેઈન્ટેનન્સ કરવા માટે પાણીનો પૂરતો જથ્થો પાટનગર યોજના વિભાગને પૂરો પાડ્યો ન હતો. જેથી કરીને બુધવારે શહેરીજનોને પાણી માટે વલખાં મારવાનો વારો આવ્યો હતો. મેઈન્ટેનન્સ શરૂ કરનાર પાણી પૂરવઠા વિભાગ દ્વારા કોઈ પણ પ્રકારની આગોતરી જાણ કર્યાં વગર જ મેઈન્ટેનન્સનું કામ આદરી દઈને પાટનગર યોજના વિભાગને પણ દોડતું કરી મૂક્યું હતું

પાણી ઓછું આવવાના કારણે માત્ર ૧ જ દિવસમાં ૧૦૦થી વધુ ફરિયાદો પાટનગર યોજના વિભાગને મળી હતી. આ કારણે તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓને પણ સત્વરે આ સમસ્યાનુ નિરાકરણ લાવી દેવામાં આવશે તેવું આશ્વાસન આપવાની ફરજ પડી હતી. મેઈન્ટેનન્સનું કામ આદરતાં પાણી વિતરણની વ્યવસ્થા ખોરવાઈ જવાના કારણે શહેરીજનોને ના છૂટકે મોટરનો વપરાશ કરવાની ફરજ પડી હતી. આ છતાં પણ પાણી વગર રહ્યાં હતાં.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 162**
વિષય - નસીબ
પ્રકાર - ગધ વાત
શબ્દ - ૧૧૦
શીર્ષક - નસીબની બલીહારી
લેખકનું - નામ. રેખા નાકરાણી
નવી મુંબઈ ‘‘
રચનાપપ.

નસીબ કરે તેવું કોઈ ના કરે.
અને નસીબથી વધારે કંઈ મળતુ પણ નથી.
હમેશા નસીબની જ બલીહારી જાણવી.
પરિવારમાં પાંચ વ્યક્તિ રહે તેમાં કોના નસીબનું ખાઈએ છીએ તે કોઈ જાણી શકયુ નથી.
થાળીમાં પીરસેલું પણ નસીબમાં હોય તોજ ખવાય.
જો નસીબ તમારી સાથે હોય તો તમે ઉધુ નાંખો તો પણ છતું થઈ જાય. એ જ તો
નસીબનું પાંદડુ ક્યારે સાથ આપે તે જ જોવાનું રહ્યું.
હાથ જોડીને બેસી રહેવાથી સફળતા મળતી નથી .
જ્યારે નસીબ દરવાજો ખખડાવે ત્યારે તમારેજ ઉભા થઈ દરવાજો ખોલવો પડે.
કોઈ દોરા ધાગા કે મંત્ર તંત્ર નક્ષત્ર કે નવ ગૃહ ના નંગ એ બધાને કામ લાગતા નથી.
આ ને નબળા મનની નિશાની કહેવાય.
જીવનમાં થઈને માનવ સફળતાની કેડી કંડારવી ક્યારેક ને ક્યારેક ઉઘડશે માનવ
તારા કિસ્મતના દ્વા અને થશે
નસીબની બલિહારીપ..?

‘‘ રેખા નાકરાણી
નવી મુંબઈ ‘‘

સ્વરચિત રચના છે..?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**
વિષય નસીબ
ગદ્ય
શીર્ષક. બલિહારી
પ્રવિણા કડકિઆ

---

કહેવાય છે સહુ નસીબ લઈને આ પૃથ્વી પર આવે છે. તેથી કાંઈ બધુ નસીબ પર છોડી ન દેવાય !

નસીબને કંડારવું પડે છે. તેના માત્ર ગુણગાન ગાવાનાં કે અફસોસ નહીં કરવાનો! હંમેશા જાગૃત રહી ઉમંગભેર પ્રયત્નો ચાલુ રાખવાના. ત્યારે નસીબની બલિહારી પોત પ્રકાશે .

કુંતીના નસીબમાં માત્ર દુઃખ હતું. કૃષ્ણ પાસે હંમેશા દુઃખ માગ્યું હતું. કારણ આપણે સહુ જાણીએ છીએ.

જ્યોતિષ હાથ જોઈ નસીબ વિશે કહેવએટલે શું આપણે કાંઈ નહીં કરવાનું? સતત પ્રયત્ન કરવાના, નસીબમાં મળવાનું હશે તો મિથ્યા નહીં થાય. અટલ વિશ્વાસ અને શ્રદ્ધા આવશ્યક છે.

આપણા નસીબનું કોઈ છીનવી નહીં શકે, પારકાના નસીબનું આપણને લાખ કોશિશ દ્વારા મળી નહીં શકે!

નસીબમાં જે મળવાનું હોય તે તમને કોઈ પણ રીતે મળે છે. બીજાના વાંકે કોલેજના બીજા વર્ષમાં મને પરીક્ષામાં બેસવાની પરવાનગી મને ન મળી. મારા મામા વકીલ હતા, કોલેજના વડા પાસે લઈ ગઈ.

મારી બહેનપણીએ પોતાનો વાંક કબૂલ કર્યો. મને પરવાનગી મળી ગઈ. સત્ય ઘટના છે. આમ મારા નસીબમાં વર્ષ બગડવાનું ન હતું .

નસીબની બલિહારી પ્રેમ પૂર્વક માણવી રહી. જો નસીબ આડેનું પાંદડું ન હાલે તો અથાગ પ્રયત્ન ચાલુ રાખી, નસીબને તમારી તરફેણમાં વાળો.

ભગવાને સહુને કામ કરવાની ત્રેવડ આપી છે. આળસ કરો તો તમારા નસીબ!

---

**NOG SS No :106**
વિષય નસીબ
શીર્ષક-ધાર્યું કાંઈક, ને થયું કાંઈક
શબ્દ-૨૧૮
નામ-મુક્તિદા કુમાર
--------

નસીબ-વિધિ-કર્મ એકબીજાનાં ભાઈ-બહેન છે. નસીબને વિધિ વગર વિધિને કર્મ વગર ચાલે એમ નથી!
છઠ્ઠીના દિવસે વિધાતા આપણાં જીવનના લેખ લખી જાય છે!એવું કહેવાય છે!એ કબૂલ.
વિધાતાને તો બહુ જ હોંશ હોય છે, કે વ્યક્તિને સાધન સંપન્ન બનાવે.સુખી જીવન થાય. જીવની ઉત્પત્તિ તો અવકાશના સોનેરી રંગાઓ માંથી થયેલી હોય છે,વિધિએ પણ સરસ લેખ લખ્યા છે,પરંતુ અવકાશમાંથી ધરતી ઉપર પડતાં જીવ કેવા વાતાનરણ ઉપર પડશે? અવકાશથી ધરતી ઉપરના મેઘધનુષી રંગોથી(વાતાવરણથી) જીવ રંગાય છે. ઉપરથી નીચે પડતાં જેવી જમીન પર અથડાય એવો એ બને. કાદવ, કીચડ, જેવી માટી એવું એ સ્વરૂપ ધારણ કરશે.છેવટે અંધારી જમીનમાંથી બીજ અંકુરિત થઈ અજવાસને પામે, કીચડમાંથી કમળ પેદા થાય.
★નાણાં વગરનો નાથિયો ને નાણે નાથાલાલ!★
ધીરુભાઈ અંબાણી બનવા માટે કાળી મજૂરી કરવી પડે છે.પણ જાહોજલાલી માણવાનો સમય આવતાં પહેલાં ધીરુભાઈ આ ધરતી પર ન રહ્યા!
આજના સમયે બારમા ધોરણનું પરિણામ આવે ત્યારે જોયું છે ,હોશિયાર-મહેનતુ વિદ્યાર્થી અર્ધા માર્કસ માટે ★ધારેલી લાઈનથી વંચિત થઈ જાય★.
આપણે ધારીએ કાંઈક અને થાય કાંઈક.
નજર સામે પાંચ પકવાન ભરેલી થાળી પડી હોય પણ હાથ હલાવ્ય વગર એ મોઢાં સુધી પહોંચશે કેમ? પણ હાથ કેમ હલાવવો તે આપણાં નસીબની વાત છે.
સાચ્ચે
બરકત વિરાણી સાહેબ કહે છે તેમ-
સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી!
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS No. -160**
નામ : રશ્મિકા અમીન ’રશ્મિ’
વિષય : નસીબ
શિર્ષક : કર્મ બંધન
રચના :

હંસ ને દાણા
કાગ મુખ મોતીડાં
ભાગ્યનું ભાથું..

અજાણ માથાં
સપ્તપદીના ફેરે
વસ્યા સંસારે..

પુરુષાર્થ ને
પ્રારબ્ધથી બનતી
સિક્કા બાજુ બે..

દિસે આનંદ
ઓરતા પૂર્ણ થાય
સદનસીબે..

કોળિયો છૂટ્યો
અધવચ્ચે હાથેથી
કમનસીબે..

પડિયો કાણો
અકર્મીનો, સકર્મી
ભૂખે ન મરે..

કર્મે બંધાય
જીવન ઘટમાળ
ભોગ્યે છૂટકો..

ના બદલાય
ના પલટાય અહીં
નસીબ પાનું..

મળ્યું કદી ના
નસીબથી વધુ
સમય રાહે..
★હાઈકુ (બંધારણ : ૫-૭-૫ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS no-143**
વિષયઃ-નસીબ.
પ્રકારઃ-ગદ્ય(વાર્તા)
શીર્ષકઃ-માની મહાનતા.
શબ્દ સંખ્યાઃ-૩૪૯
"ઓ બેટા!ઓ દિકરા!ઓ મારા કાળજાનાં કટકા!
મારી આંખોનાં તારા!
આ તું શું બોલી રહ્યો છે?ના ના,આવા શબ્દો તારા ના હોઈ શકે,જરૂર મારા વહાલમાં,ઉછેરમાં,મારા આપેલા સંસ્કારોમાં ખામી રહી હશે નહીંતર માવતર માટે એક દિકરો આવું ના બોલી શકે."
જીહાં,આ હદયસ્પર્શી વેણ એક માવડીનાં છે,જે ઓફિસે જવા નીકળતા દિકરાને હરહંમેશની જેમ તિલક કરી,આશિષ દેવા સામે આવતાં એકનાએક દિકરાનાં કટુવચનો હૈયાની ભીંતે કારમો ઘા કરી ગયા છે.મા આદ્રસ્વરે આગળ બોલે છે,"શું કહ્યું બેટા?આજે તું અગત્યનાં કામે જઈ રહ્યો છે,તો તને આ વિધવા માતાનાં અપશુકન થાય છે?હું તો તને વર્ષોથી આ જ રીતે કરતી આવી છું,અરેરે!આ તારા શબ્દો સાંભળતાં પહેલાં હું મરી કેમ ના ગઈ?તારા બાપા તારા જન્મતાંવેંતજ મને
છોડી સ્વર્ગે સિધાવી ગયા,
બધાંએ બીજા લગ્ન કરવા મને સમજાવી પણ તારો વિચાર આવતાં દુઃખો સહન કરી તારા ઉછેર પાછળ જિંદગી ખર્ચી નાંખી.શું આ દિવસ જોવા માટે?
ખેર,આજે મને મારા એક સવાલનો જવાબ આપ દિકરા!તારા જન્મ પછી તુરતજ મેં મારા પતિ ગુમાવ્યા હતા તો તારા અપશુકન મોટા કે મારા?"
માનાં સત્યવચનો સાંભળી દિકરો ક્રોધિત થઈ,માનો
હાથ પકડી ખેંચવા લાગ્યો.
બહાર ઉભેલી ગાડીમાં બેસાડી ગાડી દોડાવી.
વૃધ્ધાશ્રમનાં દરવાજા
પાસે ગાડી ઉભી રહેતાં માનાં પગ નીચેથી ધરતી ખસી ગઈ.મન માનવા તૈયાર નથી પણ આ શું?દિકરાએ માને ગાડીમાંથી ખેંચી પગથિયાં પર પટકી દીધી.આજીજીભર્યા સ્વરે કાકલુદી કરતી રડતી રહી.
મનોમન વિચારવા લાગી,
કેવી નસીબની બલિહારી!
જેના સુખ માટે સઘળાં દુઃખો વેઠ્યા એજ દુઃખનું કારણ બન્યો?
"યાદ કર બેટા!પહેલાં તારી આંખમાં આંસુ આવતાં ત્યારે આ મા તને યાદ આવતી હતી અને આજે?વૃદ્ધ માનાં આંસુ પણ તને પીગળાવી નથી શકતાં?"
બોલ બેટા બોલ!આજે વૃધ્ધાશ્રમમાં મુકતાં પહેલાં મને કહે,અનાથાશ્રમમાં તને નથી મુક્યો તેની તો આ સજા નથીને?
તું તરછોડીશ,અપમાનિત કરીશ તોય માનું અંતર સદા આશિષ વરસાવશે, માનું ઉર સતત મમતા રેલાવશે.જા બેટા!તને માફ કર્યો બસ!માની કોર્ટમાં સંતાનોનાં બધાંજ ગુના માફ થઈ જાય છે.હજી કહું છું,તારા વિના આ ખોળિયામાંથી પ્રાણ ચાલી જશે,ના જઈશ બેટા!"
"હે પ્રભુ!એને સુખી કરજે,સદ્બુદ્ધિ આપજે,
મારી ઉંમર પણ એના નામે કરજે."
હે રામ!કહેતાં માતાનું પ્રાણપંખેરુ ઉડી ગયું.
★નયના ઠક્કર(પ્યાસી)★

# એમસીએક્સ પર કીમતી ધાતુઓના વાયદાઓમાં આગઝરતી તેજીઃ સોનામાં રૂ.૧,૩૦૬ અને ચાંદીમાં રૂ.૩,૨૯૯નો ઝડપી ઉછાળો

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૭,૦૮૨.૫૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૭,૦૭૧.૬૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૯,૯૮૯.૫૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૩૯૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૬૯૨ અને નીચામાં રૂ.૬૧,૩૯૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧,૩૦૬ના ઉછાળા સાથે રૂ.૬૨,૫૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે સોનાનો એપ્રિલ વાયદો રૂ.૬૨,૮૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૬૩,૦૬૯ અને નીચામાં રૂ.૬૨,૭૨૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧,૨૮૦ની તેજી સાથે રૂ.૬૨,૮૮૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૪૫ના ઉછાળા સાથે રૂ.૫૦,૩૦૧ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯૪ના ઉછાળા સાથે રૂ.૬,૧૩૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૨૭૫ના ઉછાળા સાથે રૂ.૬૨,૨૬૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૯૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૫,૩૧૯ અને નીચામાં રૂ.૭૧,૯૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૩,૨૯૯ના ઉછાળા સાથે રૂ.૭૪,૮૩૧ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ચાંદીનો મે વાયદો રૂ.૩,૧૧૪ ઊછળી રૂ.૭૫,૭૯૧ અને ચાંદી જુલાઈ વાયદો રૂ.૩,૦૭૯ ઊછળી રૂ.૭૭,૦૦૦ બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩,૧૧૫ના ઉછાળા સાથે રૂ.૭૪,૭૬૬ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩,૦૮૩ના ઉછાળા સાથે રૂ.૭૪,૭૪૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે તાંબુ ડિસેમ્બર વાયદો રૂ.૭૧૯ના ભાવે ખૂલી, રૂ.૧૨.૭૦ની વૃદ્ધિ સાથે રૂ.૭૨૬.૪૦, જ્યારે એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૯૦ વધી રૂ.૧૯૮.૬૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ વધી રૂ.૧૮૩.૮૦ના ભાવ થયા હતા. જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩.૪૦ વધી રૂ.૨૨૧.૬૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૫૦ સુધરી રૂ.૧૯૮.૪૦, સીસુ-મિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ વધી રૂ.૧૮૪.૨૦, જસત-મિની ડિસેમ્બર વાયદો રૂ.૩.૩૦ વધી રૂ.૨૨૧.૪૦ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૧૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૧૪ અને નીચામાં રૂ.૫,૭૯૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૫ ઊછળી રૂ.૫,૮૮૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૦૬ના ઉછાળા સાથે રૂ.૫,૮૮૬ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૫.૭૦ના ભાવે ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૦.૬૦ વધી રૂ.૧૯૬.૯૦ અને નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૦.૪૦ વધી રૂ.૧૯૬.૯૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૮૦૦ અને નીચામાં રૂ.૫૬,૬૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮૦ સુધરી રૂ.૫૬,૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે કપાસનો એપ્રિલ વાયદો રૂ.૨૮ વધી રૂ.૧,૫૯૫ના ભાવ થયા હતા. મેન્થા તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૪૦ ઘટી રૂ.૯૩૯.૩૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં રૂ.૩,૫૯૪.૮૬ કરોડનાં ૫,૭૫૧ લોટ્સ, ગોલ્ડ-ગિનીમાં રૂ.૧૩.૬૭ કરોડનાં ૨,૭૧૪ લોટ્સ, ગોલ્ડ-પેટલમાં રૂ.૧૩.૪૫ કરોડનાં ૨૧,૮૬૩ લોટ્સ, સોનું-મિનીમાં રૂ.૮૯૬.૪૮ કરોડનાં ૧૪,૩૯૩ લોટ્સ અને ચાદીના વાયદાઓમાં રૂ.૫,૩૪૦.૦૨ કરોડનાં ૨૩,૮૬૮ લોટ્સ, ચાંદી-મિનીમાં રૂ.૨,૪૩૪.૮૬ કરોડનાં ૬૫,૨૪૯ લોટ્સ અને ચાંદી-માઈક્રોમાં રૂ.૧,૬૮૫.૫૬ કરોડનાં ૨,૨૬,૧૬૬ લોટ્સના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૯૯.૨૬ કરોડનાં ૧૫,૨૯૨ લોટ્સ અને ક્રૂડ તેલ-મિનીમાં રૂ.૮૭.૩૭ કરોડનાં ૧૪,૮૪૧ લોટ્સ તથા નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૬૧૯.૭૧ કરોડનાં ૨૫,૨૬૫ લોટ્સ અને નેચરલ ગેસ-મિનીમાં રૂ.૬૩.૮૫ કરોડનાં ૧૩,૦૩૭ લોટ્સનાં કામ થયાં હતાં. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧.૯૧ કરોડનાં ૭ લોટ્સ, કપાસમાં રૂ.૦.૧૦ કરોડનાં ૩ લોટ્સ અને મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૮.૯૫ કરોડનાં ૨૬૧ લોટ્સનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વાયદાઓમાં ૧૬,૭૬૫ લોટ્સ, ગોલ્ડ-ગિનીમાં ૩,૫૩૯ લોટ્સ, ગોલ્ડ-પેટલમાં ૪૭,૫૦૧ લોટ્સ, સોનું-મિનીમાં ૧૮,૪૭૩ લોટ્સ અને ચાંદીના વાયદાઓમાં ૧૫,૩૩૮ લોટ્સ, ચાંદી-મિનીમાં ૩૬,૨૭૬ લોટ્સ, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮,૬૮૭ લોટ્સ, ક્રૂડ તેલ-મિનીમાં ૨૫,૯૭૯ લોટ્સ તથા નેચરલ ગેસના વાયદાઓમાં ૫૦,૫૧૪ લોટ્સ, નેચરલ ગેસ-મિનીમાં ૩૬,૭૩૨ લોટ્સ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૮૬ લોટ્સ, કપાસમાં ૩ લોટ્સ અને મેન્થા તેલના વાયદાઓમાં ૧,૩૮૦ લોટ્સના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૧.૩૧ કરોડનાં ૨૬૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૨૨૯ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૧૦૧ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૩૪૮ અને નીચામાં ૧૬,૧૦૧ બોલાઈ, ૪૦૪ પોઈન્ટ ઊછળી ૧૬,૨૮૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું જાન્યુઆરી રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૮૫ અને નીચામાં રૂ.૫૫૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૧૫.૫૦ વધી રૂ.૬૯૯ બોલાઈ રહ્યો હતો, આ કોન્ટ્રેક્ટમાં રૂ.૬૯૪.૮૭ કરોડનાં ૯૩૪ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૪૨૩ લોટ્સના સ્તરે રહ્યો હતો. આ સામે સોનું જાન્યુઆરી રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮૦ અને નીચામાં રૂ.૨૩૮.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૭૭.૫૦ ઘટી રૂ.૨૯૮ બોલાઈ રહ્યો હતો, આ કોન્ટ્રેક્ટમાં રૂ.૩૫૦.૬૯ કરોડનાં ૫૭૨ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૪૩૬ લોટ્સના સ્તરે રહ્યો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૬૦ના ભાવે ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧,૨૯૭.૫૦ ઊછળી રૂ.૨,૪૫૦ થયો હતો. આ કોન્ટ્રેક્ટમાં રૂ.૧૬૧.૮૬ કરોડનાં ૬૯૯ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૫૧૨ લોટ્સના સ્તરે હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૭૫ના ભાવે ખૂલી, રૂ.૮૧૧.૫૦ ઘટી રૂ.૬૫૦ થયો હતો. આ કોન્ટ્રેક્ટમાં રૂ.૧૫૩.૪૮ કરોડનાં ૭૨૩ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૫૦૦ લોટ્સના સ્તરે

આભાર - નિહારીકા રવિયા હતો.

ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬.૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૪.૯૦ અને નીચામાં રૂ.૮.૭૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩.૪૦ વધી રૂ.૨૭.૫૦ થયો હતો, જ્યારે ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૬.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮.૪૦ અને નીચામાં રૂ.૨.૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૦.૧૦ ઘટી રૂ.૫.૧૦ થયો હતો.

# ઈંડુ પોષણનાં નામે મીંડું., ઈંડુ કોઈ પણ રીતે શાકાહારી નથી.



❖ ભારતીય ધર્મ તથા સંસ્કૃતિ ઈંડાનાં આહારની તરફેણ કરતી નથી. અથર્વ વેદ(૮-૬-૧૨)માં સ્પષ્ટ જણાવ્યું છે કે ’ઈંડા અને માંસ ખાનારા દુષ્ટોનો હું વિનાશ કરું છું "

❖ ધાણા તથા ઈંડાની સરખામણી કરીને બંનેમાંથી કઈ વસ્તુ શ્રેષ્ઠ છે તે નકકી કરીએ. ૧૦૦ ગ્રામ વજનનાં બે ઈંડામાં ૧૩.૩ ગ્રામ પ્રોટિન, ૧૩.૩ ગ્રામ ચરબી, ૧.૦૦ ગ્રામ ખનિજ તત્વ, ૦.૦૬, ગ્રામ કેલ્શિયમ, શૂન્ય કાર્બોહાઈડ્રેટ, ૦.૨૨ ફોસ્ફરસ, ૨.૧ ગ્રામ લોહતત્વ હોય છે અને તેમાથી અને તેમાંથી ૧૩.૭ કેલેરી મળે છે. જયારે ૧૦૦ ગ્રામ ધાણામાં ૧૪.૧ ગ્રામ ધાણામાં ૧૪.૧ ગ્રામ પ્રોટિન, ૧૬.૧ ગ્રામ ચરબી, ૪.૪ ગ્રામ ખનિજ તત્વ, ૦.૬૩ ગ્રામ કેલ્શિયમ, ૨૧.૬ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૦.૩૭ ગ્રામ ફોસ્ફરસ, ૧૭.૯ ગ્રામ લોહતત્વ હોય છે અને તેમાંથી ૨૮૮ કેલરી પ્રાપ્ત થાય છે.

❖ ઈંડા ખાવાથી મોટા આંતરડામાં કેન્સર થઈ શકે છે. યાદ રહે, ઈંડામાં પાચક રેસાઓ નથી આ સ્વાસ્થ્યને હાનિકારક નિવડી શકે છે.

❖ મુંબઈ સ્થિત હાફકીન ઈન્સ્ટિટયુટનાં નિષ્કર્ષ અનુસાર આહારનાં સ્વરૂપમાં ઈંડા હાનિકારક છે. તે શરીરમાં હાઈપર એસિડિટી ઉભી કરે છે.

❖ ઈંડા ખાવાથી ગાંઠિયો-વા (રૂમોટાડ), ગાઉટ (ઢિંચણમાં પાણી જામવું) જેવી વાતજન્ય બિમારીઓ થાય છે.ખાસ કરીને વૃધ્ધાવસ્થામાં આ બિમારીઓ ખતરનાક અને કષ્ટદાયક નિવડે છે.

❖ સુપ્રસિધ્ધ અમેરીકન વૈજ્ઞાનિક ફિલિપ જે. સ્કેમ્બલના મતે કોઈ ઈંડા નિર્જીવ નથી. મિશિગન યુનિવર્સિટીનાં વૈજ્ઞાનિકોએ તો સોઈ ઝાટકીને પુરવાર કરી દીધું છે કે દુનિયામાં કોઈપણ ઈંડું સેવાયેલું કે નહી સેવાયેલું, નિર્જીવ હોતું નથી.

❖ ઈંડાની મેથી સાથે સરખામણી કરતાં જણાય છે કે ઈંડામાં ૧૩.૩ જયારે મેથીમાં ૨૬.૨ ગ્રામ પ્રોટીન હોય છે. (વજન ૧૦૦ ગ્રામ) સમાન વજનના ઈંડામાંથી ૧૭૩ કેલેરી મળે, જયારે મેથી માંથી ૩૩૩ કેલેરી પ્રાપ્ત થાય છે. વધુમાં વધુ મેથી કોલેસ્ટ્રોલની સફાઈ કરે છે, જયારે ઈંડા કોલેસ્ટ્રોલનો સમૃધ્ધ સ્ત્રોત છે.

❖ ઈંડા, માંસ ઈત્યાદિ ચીજોમાં રહેલા પ્રોટીનને મનુષ્યનું શરીર પચાવી શકતું નથી.

❖ ઈંડા ખાવાથી શરીરમાં લોહીના ભ્રમણની ગતિ મંદ થાય છે અને હૃદયની સ્વાભાવિક ગતિમાં અવરોધ ઉભો થાય છે.

**મિત્તલ ખેતાણી**

-

# ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના હસ્તે અને ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં 'ટાઈમ ફોર ઓર્ગેનિક્સ' સ્ટોરનો શુભારંભ



'પહેલું સુખ તે જાતે નર્યા'ના મંત્રને સાકાર કરવા તેમજ નાગરિકોને શુદ્ધ ખાદ્ય વસ્તુઓ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે કુડાસણ -ગાંધીનગર ખાતે આજે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના હસ્તે તેમજ ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં 'ટાઈમ ફોર ઓર્ગેનિક્સ' સ્ટોરનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે રાજ્ય સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.ગોકુલ ગ્રુપ દ્વારા રાજ્યભરમાં પ્રથમવાર શરૂ કરાયેલ ૧૦૦ ટકા 'ઓર્ગેનિક્સ સ્ટોર'માં ખાદ્ય તેલ, વિવિધ ગરમ મસાલા, મિલેટસ્, ડ્રાયફ્રૂટ્સ,ચોખા, કઠોળ, લોટ-આટો, ડેઈલી ઈટેબલ, સ્વીટનર્સ, જ્યુસ, શાકભાજી, ફળફળાદી, કોલ્ડ કોફી અને વિવિધ સલાડ જેવા વિવિધ ઓર્ગેનિક ઉત્પાદનો ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે,આજે ગાંધીનગરની સાથે અમદાવાદમાં કેશવબાગ, સેટેલાઈટ અને શેલા એમ ચાર સ્થાનો પર 'ટાઈમ ફોર ઓર્ગેનિક્સ' સ્ટોરનો શુભારંભ કરવામાં આવ્યો છે. ગોકુલ ગ્રુપ દ્વારા આગામી એક વર્ષમાં ગુજરાત? સહિત ભારતભરમાં ૩૦૦ જેટલા ઓર્ગેનિક્સ સ્ટોર શરૂ કરવાનો પણ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.શુભારંભ પ્રસંગે મંત્રી શ્રી રાઘવજી પટેલ દ્વારા 'ટાઈમ ફોર ઓર્ગેનિક્સ' સ્ટોરની નવીન એપ પણ લોન્ચ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી હિતેશ મકવાણા, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિહ ગોલ, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, સમાજ સેવક અને અંગદાનના પ્રેરક શ્રી દિલીપ દેશમુખ,ભાજપ અગ્રણી શ્રી કે. સી .પટેલ, કોર્પોરેટરશ્રીઓ,ગોકુલ ગ્રુપના એમ.ડી શ્રી ધર્મેન્દ્રસિંહ રાજપૂત, સીઈઓ, સહિત મહાનુભાવો - ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.



નવાપુરા ના જુના બહુચરાજી માતાનું મંદિર ના માગશર સુદ બીજ (એ ભૂમિ જ્યાં મા બહુચરાજી એ સંવત ૧૭૩૨ ની સાલે સ્વયમ આવીને વલ્લભ ભટ્ટ અને ધોળા ની ભરશિયાળે રસ રોટલી ની નાત જમાડી હતી એ નિમિત્તે આજે પણ મંદિરમાં ભવ્ય અન્નકૂટ ભરાય છે ) એવી મા દયાળુ ની આજ માગશર સુદ બીજ ૧૪-૧૨-૨૦૨૩ ને ગુરૂવાર ના પાવન પર્વે નવાપુરા વાળી માં ના મહા અન્નકૂટ ના દર્શન. અનનકુટમાં કેરીની રસ,મિઠાઈ, ફરસાણ,ફળ, સુકેમેવો ધરાવવામાં આવ્યો હતો મા ના દર્શન નો લાભ મોટી સંખ્યામાં ભક્તો એ લઈ ધન્યતા અનુભવી હતી માં ના સુંદર દિવ્ય દર્શન ની તસવીર દેવલ મોદી અને મનહરસિંહ વાઘેલાએ વાચકો માટે શેર કરી છે

# દહેગામ તાલુકાના હાથીજણ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ઉષ્માભેર સ્વાગત કરાયું



**ગાંધીનગર જિલ્લાના કુપોષિત બાળકો માટે જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી હોમિયોપેથી દવાના નિઃશુલ્ક વિતરણ કરવાના પ્રોજેકટને જિલ્લા પંચાયત પ્રમુખશ્રીના હસ્તે ખુલ્લો મુકાયો**

**★સંકલ્પ યાત્રા અંતર્ગત હાથીજણ ખાતે યોજાયેલ આયુર્વેદ-હોમિયોપેથી ?નિઃશુલ્ક નિદાન કેમ્પનો લાભ ૪૦૯ દર્દીઓએ લીધો**

સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભ છેવાડાના માનવી સુધી સરળતાથી મળી રહે તેવા ઉમદા ભાવથી ગાંધીનગર જિલ્લાના ગામેગામ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ ફરી રહ્યો છે. દહેગામ તાલુકાના હાથીજણ ગામે આજે સંકલ્પ યાત્રાના રથનું ગ્રામજનોએ ઢોલ-નગરા સાથે ઉત્સાહભેર માહોલમાં સ્વાગત કર્યું હતું. હાથીજણ ખાતેથી જિલ્લાના કુપોષિત બાળકો માટે જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી હોમિયોપેથી દવાનું નિશુલ્ક વિતરણ કરવાના પ્રોજેકટનો આરંભ કરવામાં આવ્યો છે.


આ પ્રોજેકટનો આરંભ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ અને દહેગામ ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણના હસ્તે હાથીજણ ગામના બાળકોને હોમિયોપેથી ઔષધિ આપીને આરંભ કરાવ્યો હતો. આ યાત્રા અંતર્ગત આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત દ્વારા નિઃ શુલ્ક આયુર્વેદ-હોમિયોપેથી મેગા નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં જનરલ આયુર્વેદ ઓપીડી - સાંધા નો દુઃખાવો, ચામડીના રોગો, પેટના રોગો, શરદી ખાંસી વગેરે શરીરને લાગતી તમામ તકલીફોનું આયુર્વેદ પદ્ધતિથી નિદાન કરી સારવાર આપવામાં આવી જેનો ૧૧૨ લાભાર્થીઓએ લાભ મેળવેલ હતો. જનરલ હોમીયોપેથી ઓપીડી - પથરી, હરસ, મસા અને અન્ય તમામ શારીરિક તકલીફો માટે હોમીયોપેથી પદ્ધતિથી નિદાન કરી સારવાર આપવામાં આવી જેના ૯૧ લાભાર્થી નોંધાયેલ હતા.સ્ત્રીરોગ - સ્ત્રીઓને લાગતી શારીરિક તકલીફો જેવી કે સફેદ પાણી પડવું, માસિક ને લગતી તકલીફો, યોનિમાર્ગમાં ખંજવાળ, બળતરા, નિઃસંતાનતા વગેરેની સારવાર આપવામાં આવી જેની ૨૩ બહેનોએ સારવાર મેળવેલ હતી.બાળરોગ - બાળકોનું વજન ન વધવું, કૃમિ(કરમિયા), વારંવાર બાળક બીમાર પડવું, ભૂખ ન લાગવી તથા બાળકોની અન્ય તકલીફોની સારવાર આપવામાં આવી જેમાં ૨૧બાળકોને સારવાર આપવામાં આવી.લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર - આધુનિક જીવનશૈલીને લગતા વિવિધ રોગો જેવા કે - બીપી, ડાયાબીટીસ, સ્થૂળતા, થાઈરોઈડ જેવી તકલીફોની આયુર્વેદ સારવાર આપવામાં આવી જેના ૨૮ લાભાર્થી નોંધાયેલ હતા. જરા ચિકિત્સા - વૃદ્ધોની વિવિધ શારીરિક તકલીફોનું નિદાન સારવાર કરી સારવાર આપવામાં આવી જેનો ૩૦ વડીલોએ લાભ લીધો હતો.પ્રકૃતિ પરિક્ષણ - શરીરની પ્રકૃતિ(તાસીર) જાણી આપી તે માટે યોગ્ય જીવન શૈલી, ખોરાક અને આચરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું જેનો લાભ ૪૮ લોકોએ લીધો.દંતોત્પાટન- નિષ્ણાંત વૈદ્ય દ્વારા જાલંધર બંધથી હલતા દાંત ને કોઈ પણ જાતના રકતસ્ત્રાવ કે ઈન્જેકશન વિના પાડી આપવામાં આવ્યા તથા દાંત અને આંખ કાન નાક ગળાના રોગોની નિદાન સારવાર કરવામાં આવી. જેમાં ૨૭ લોકોએ સારવાર મેળવેલ હતી.રોગ પ્રમાણે યોગ - શરીરના રોગ પ્રમાણે યોગ્ય યોગાસનો અને પ્રાણાયામ વિશે યોગ નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું જેનો ૨૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો. કુલ ૪૦૯ દર્દીઓએ સારવાર મેળવેલ હતી. આયુષ પ્રદર્શન - રસોડાના વિવિધ ઔષધો, ઘરઆંગણા ની વનસ્પતિઓ, યોગ અને પ્રાણાયામ વિશે માહિતી આપતું પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું જેનો ૫૦૦થી વધુ લોકોએ લાભ મેળવ્યો હતો.આ પ્રસંગે લોકોની રોગપ્રતિરોધક શકિત વર્ધક ઉકાળાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું જેનો ૫૦૦ થી વધુ લોકોએ પાન કર્યું હતું.

મેરી જુબાની, મેરી કહાની' અંતર્ગત લાભાર્થીઓએ સરકારની સહાય યોજના કેટલી ઉપયોગી છે, તેની વાત પોતાના મુખે કરી હતી. આ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના બાળકો દ્વારા 'ધરતી કહે પુકાર કે' નાટક દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી કાર્યક્રમમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત ઓન ધ સ્પોટ ક્વિઝના વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં આયુષ્યમાન કાર્ડ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મહાનુભાવોને હસ્તે લાભાન્વિત કરાયા હતા. મહાનુભાવોના હસ્તે હાથીજણ ગ્રામપંચાયતને 'હર ઘર જલ' માટે અને ૧૦૦ ટકા ઓડીએફ માટે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ ૨૦૪૭ સુધીમાં આત્મનિર્ભર અને વિકસિત ભારત બનાવવા પોતાનું યોગદાન આપવા શપથ લીધા હતા.જિલ્લા પંચાયતની આરોગ્ય, ખેતી, શિક્ષણ, વગેરે શાખાઓ દ્વારા વિવિધ ૧૭ કલ્યાણકારી યોજનાઓના સ્ટોલ ઉભા કરાયા હતા જેનો ગ્રામજનોએ બહોળો લાભ લીધો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ સ્ટોલનું નિદર્શન કર્યું હતું.

આ પ્રસંગે દહેગામ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઇ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી બી.કે.પટેલ, ભાજપના અગ્રણી શ્રી હિતેન્દ્રભાઈ પટેલ સહિત આમંત્રિત મહાનુભાવો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા.

# ઉના તાલુકા પંચાયત સેવા સદન શહેર ની નજીક બનાવવા માંગ



ઉના તાલુકા પંચાયત સેવા સદન શહેરની મધ્યયમાં ટાવર ચોક વિસ્તારમાં હતી.આ બિલ્ડીંગ અતિ જર્જરીત થતા આ બિલ્ડીંગ શહેર ના બાયપાસ પાસે લામધાર ના પાટીયા પાસે સમાજ કલ્યાણ વિભાગની છાત્રાલય મા સ્થળાંતર કરવામાં આવેલ છે.

તાલુકા પંચાયત સેવા સદનનું નવુ બિલ્ડીગ શહેરથી ખુબ જ દુર બનાવવાનું આયોજન થઈ રહયુ છે.ત્યારે અરજદારોને ખુબ જ મુશ્કેલીઓ પડી શકે તેમ છે.ગ્રામ્ય વિસ્તારના આવકના જાતીના દાખલા માટે તાલુકા પંચાયત મા જવુ પડે ત્યાર બાદ આ દાખલા માટે ફોટો પડવવા મામલતદાર ઓફીસમાં જવુ પડે.અને ફરી તાલુકા પંચાયત જવું પડે ત્યારે અરજદાર ને આ તાલુકા પંચાયત દુર જવાના કારણે ખુબ મુશ્કેલીઓ પડશે.

યોગ્ય વાહનવ્યવહારના અભાવે લોકોને ના છુટકે ખાનગી વાહનોનો ઉપયોગ કરવો પડશે જેના કારણે આર્થીક નુકશાની થશે.તાલુકા સેવા સદનનું નવુ બિલ્ડીગ બનાવવાનું આયોજન છે તે તાલુકાની એક સાઈડના સનખડા, ગાંગડા, ભાચા, સૈયદરાજપરા, નવાબંદર, ખાપટ જેવા ગામડાઓને ખુબ જ દુર પડશે.જેના કારણે અરજદારોને ખુબ મુશ્કેલીઓ પડશે.તો આપના દ્વારા આ લોકોના વિશાળ હીત માં તાલુકા સેવા સદન શહેરની મધ્યમાં મુળ જગ્યાએ અથવા શહેરની નજીક બનાવવમાં આવે તેવી માંગ ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ, મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજય, ગાંધીનગર, બચુભાઈ ખાબડ મંત્રી પંચાયત,જિલ્લા વિકાસ અધિકારી,કલેકટર ને પ્રાંત અધિકારી મારફત આવેદન પત્ર આપી અખિલ ભારતીય કોળી સમાજ ના મહામંત્રી રસિક ચાવડા, મોટા ડેસર ના સરપંચ પ્રતિનિધિ ભરત શિંગડ, કોળી સમાજ ના પાચાભાઈ દમણિયા વગેરે એ કરી છે.

# થરાદના નાગલા, ડોડગામ, ખાનપુર અને લાખણીના કુડા અને જસરા ગામોનું થશે પુનર્વસન

બનાસકાંઠાના સરહદી વિસ્તાર થરાદ અને લાખણીમાં વરસાદના સમયે કેટલાક ગામોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા વિકરાળ હતી. વારંવાર વરસાદી પાણી ભરાતા લોકોએ ન માત્ર ચોમાસામાં પરંતુ ચોમાસા બાદ પણ વરસાદી પાણી જમીનમાં ન ઓસરતા સ્થાનિક લોકોને સ્થળાંતર કરવું પડતુ હતું. જે બાબતને ગંભીરતાથી લઈ વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના પ્રયત્નોથી સરકારે આ અસરગ્રસ્ત ગામોને પુનર્વસન તેમજ પુનઃનિર્માણ માટે ઉચાણવાળા વિસ્તારમાં પ્લોટ અને બાંધકામ માટે સહાય આપવાની મંજુરી આપી છે. જેથી થરાદ અને લાખણીના અસરગ્રસ્ત વિસ્તારોને વર્ષો જુની સમસ્યામાંથી રાહત મળશે. આ અંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યુ હતુ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં થરાદ અને લાખણી વિસ્તારની વર્ષો જુની સમસ્યા સરકારે દૂર કરી છે. પુનર્વસન અને પુનઃનિર્માણ બદલ હું રાજય સરકારનો આભાર વ્યકત કરુ છું. આગામી સમયમાં અસરગ્રસ્ત ગામોમાં પુનર્વસન માટેની કામગીરી ઝડપી થાય તે માટે મારા પ્રયત્નો રહેશે. આજે અસરગ્રસ્ત ગામોની પુનર્વસનની મંજુરી મળતા ગામ લોકોમાં પણ આનંદની લાગણી ફેલાઇ છે.

# ડાંગ જિલ્લા સુબિર તાલુકા મોખામાળ ફાટક પર એક યુવતીએ આત્મહત્યાનો પ્રયાસ કરતાં જેની જાણ સુબિર પોલીસ સ્ટેશનની "શી ટીમ"ને થતાં યુવતીને બચાવી..



પ્રાપ્ત માહિતી અનુસાર ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકાનાં મોખમાળ ગામનાં ફાટક પાસે એક યુવતી આત્મહત્યા કરવા માટે પ્રયાસ કરી રહી હતી.જેની જાણ સુબીર પોલીસ મથકની સી ટીમને થતા તુરંત જ ઘટના સ્થળે દોડી ગઈ હતી.અને સુબિર પોલીસની શી ટીમે સ્થળ પર યુવતી પ્રત્યે સંવેદના દાખવી સમગ્ર બાજી સંભાળી લીધી હતી.અને યુવતીને યોગ્ય હૂંફ આપી હતી.તેમજ યોગ્ય કાઉન્સિલિંગ કરીને યુવતીને સમજ આપવામાં આવી હતી કે,આત્મહત્યા કરવો એ ગુન્હો છે,જેથી આ પ્રકારે ફરી પ્રયાસ ન કરવો તેવી કાયદાકિય સમજ પણ આપવામાં આવી હતી.ત્યારે સુબિર પોલીસ મથકની ×શી ટીમ× દ્વારા યુવતીને આત્મહત્યા કરતા અટકાવીને ઉમદા કામગીરી કરવામાં આવતા આ પંથકમાં પોલીસની સરાહનીય કામગીરીને બિરદાવવામાં આવી હતી.અને કાઉન્સેલિંગ કરીને યુવતીને વાલીને સોંપવામાં આવી.

# ચાણસ્મા ના ભાટસર ગામે સતી માતાજીના મંદિરે થયેલી ચોરી ના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા



શિયાળાની ઋતુની જેમ જેમ શરૂઆત થઈ રહી છે ત્યારે તસ્કરો પણ ઠંડી નો લાભ ઉઠાવી ચોરી ને અંજામ આપી રહ્યા છે ત્યારે ચાણસ્મા તાલુકાના ભાટસર ગામે અઠવાડિયાં પહેલાં થયેલી ચોરી ના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે જે બાબતે ગ્રામજનો ની ફરીયાદ ના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે ચાણસ્મા તાલુકાના ભાટસર ગામે આવેલ સતી માતાજીના મંદિરે એક અઠવાડિયા પહેલાં અજાણ્યા તસ્કર દ્વારા મંદિર ની દાનપેટી તોડી તેની અંદર રહેલા રોકડા તેમજ પરચુરણ મળી રૂપિયા ૬ હજાર ની ચોરી કરી પલાયન થઈ જવા પામ્યો હતો જેમાં સીસીટીવી ફૂટેજ સામે આવતા ભાટસર ગામના લોકો દ્વારા અજાણ્યા ચોર ઈસમ સામે ચાણસ્મા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે તેમજ પોલીસ ને નાઈટ પેટ્રોલિંગ પણ વધારવા માટે માંગ ઉઠવા પામી છે

નિખિલ જોષી:પાટણ જિલ્લા બ્યુરોચીફ

# પાલનપુર ખાતે સરકારી કુમાર છાત્રાલય (યુનિટ-૨) નું ખાતમુહૂર્ત થશે

તા.૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા તથા રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારના વરદહસ્તે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે સરકારી કુમાર છાત્રાલય (યુનિટ-૨)ના ખાતમૂર્હતનો કાર્યક્રમ યોજાશે.

આ ખાતમુહૂર્ત કાર્યકર્મ સાંજે ૦૪.૩૦ કલાકે સરકારી કુમાર છાત્રાલય, નવા આર.ટી.ઓ. કચેરી પાસે, પાલનપુર, જિ.બનાસકાંઠા ખાતે યોજાશે એમ નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, પાલનપુરની અખબારી યાદીમાં જણાવ્યું છે.

**ચિ. ખુશાલી પુલકિતભાઈ જોશી. (મગરવાડા, હાલ પાલનપુર) પોતાની પ્રતિભાનાં ઓજસ પાથરવા, તા. ૧૪-૧૨-૨૦૨૩ ના રોજ ટોરેન્ટો (કેનેડા) પ્રસ્થાન કર્યું. આ અગાઉ પીડીપીયુમાંથી એમ.એસ.સી. (ફિઝિક્સ) યશસ્વી રીતે પૂર્ણ કર્યુ છે. વિવિધ ક્ષેત્રોમાં ઉજ્જવળ સિદ્ધિઓ મેળવી હવે વિદેશની ધરતીમાં પગરણ કર્યાં છે. તેના પિતા પુલકિત ગજેન્દ્રભાઈ જોશી માધ્યમિક શિક્ષણ બોર્ડમાં મદદનીશ સચિવ તરીકે સુંદર કામગીરી નિભાવે છે. ત્યારે ચિ. ખુશાલીને ''શાતાનુકૂલ પવનશ્ચ શિવશ્ચ પન્થા : " - તેનો જીવન માર્ગ અનુકૂળતાઓથી સભર અને કલ્યાણકારી બની રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ.**



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.